**સન્માન** | ડો. અશોક ચાવડાનું ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ યોગદાન બદલ સન્માન થશે

# કવિ સાહિત્યકારને 'રાવજી પટેલ યુવા સાહિત્ય પ્રતિભા એવોર્ડ' એનાયત કરાશે

ભાસ્કર ન્યૂઝ | જામનગર



શહેરના યુવા કવિ-સાહિત્યકાર ડો. અશોક ચાવડા 'બેદિલ'ને ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ યોગદાન બદલ વર્ષ-2016નો 'રાવજી પટેલ યુવા સાહિત્ય પ્રતિભા એવોર્ડ' તા. 4ના વિદ્યાગુરૂ ફાઉન્ડેશન, સાવરકુંડલા દ્વારા 'સન્માનપર્વ' અંતર્ગત એનાયત કરવામાં આવશે. જેમાં યુવા વયે મૃત્યુ પામનાર કવિ રાવજી પટેલની સ્મૃતિમાં અપાતા 'રાવજી પટેલ યુવા સાહિત્ય પ્રતિભા એવોર્ડ' અંતર્ગત યુવા સાહિત્યકારને રોકડ પુરસ્કાર શાલ અને સ્મૃતિચિહ્ન એનાયત કરવામાં આવશે.

કવિતા, વિવેચન, સંશોધન, અનુવાદ, સંપાદન, સ્ક્રીપ્ટલેખન એમ અનેક ક્ષેત્રો સાથે સંકળાયેલા ડો. અશોક ચાવડા ગુજરાતી સાહિત્યમાં 'બેદિલ' ઉપનામથી જાણીતા છે. એમને 'ડાળખીથી સાવ છૂટાં' પ્રતિબદ્ધ કવિતાસંગ્રહ માટે કેન્દ્રીય સાહિત્ય અકાદમી, ભારત સરકારનો 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર-2013' એનાયત કરવામાં આવ્યો છે. આ જ સંગ્રહ માટે ગુજરાત સરકારનો 'દાસી જીવણ એવોર્ડ-2014' પણ મળ્યો છે. ગુજરાત સરકાર તરફથી 'યુવા ગૌરવ પુરસ્કાર-2012' પણ મેળવી ચૂકેલા અશોક ચાવડાને 'પગરવ તળાવમાં' ગઝલસંગ્રહ અને 'પીળ્યો અશ્કો' હાસ્યકવિતાસંગ્રહ માટે વર્ષ-2012 માટેના સર્વશ્રેષ્ઠ પુસ્તકનાં પારિતોષિક પણ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી આપવામાં આવ્યાં છે. આમ, ગંભીર, પ્રતિબદ્ધ અને હાસ્ય એમ તમામ ક્ષેત્રમાં તેઓ પુરસ્કૃત છે. અશોક ચાવડાએ પૂર્વે કવિલોક, કુમાર, ઉદ્દેશ જેવાં સાહિત્યિક સામયિકોના સહસંપાદક તરીકે સેવાઓ આપી છે.

માર્ચ-2017માં તેઓ 'રાઈટર્સ ઈન રેસિડન્સ' અંતર્ગત 15 દિવસ રાષ્ટ્રપતિભવનમાં પ્રણવ મુખર્જીના મહેમાન બન્યા હતા. હાલમાં તેઓ આયુર્વેદ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવી રહયા છે. સાહિત્યકાર અશોક ચાવડાને 'રાવજી પટેલ યુવા સાહિત્ય પ્રતિભા એવોર્ડ' એનાયત કરાશે તે શહેર માટે ગૌરવની વાત છે.